ગાંધીનગર સમાચાર






## સલામી સવારની..

'પાટીદાર'ને પડકારવામાં આસન ડૂલી ગયાં!
ને એમાં ને એમાં જ કોંગ્રેસનાં ભાગ્ય ખૂલી ગયાં!
બગાસું ખાતાં મોંમાં પડ્યું પતાસું પંચાયતનું -
બેન, 'હવે નથી કડક આચાર્યા' એ ભૂલી ગયાં!!

હાઈકુ

નીતિઓ ટેઢી,
આપસી ખટપટે -
સીમાઓ રેઢી!
(આતંકી ઘરમાં ઘૂસ્યા)

સેલ્ફીસ નેતા
ખોવાયા સેલ્ફીમાં ને -
શાન વેડફી
(ગૌરવ હણાયું)

## ચિંતન

**આંખો દેખા ઘી ભલા, ના મુખ મેલા તેલ, સાધુ સો ઝઘડા ભલા, ના સાકટ સોં મેલ.**

સત્યમ, શિવમ, સુંદરમ્ એ ઈશ્વરની ત્રિ-પરિમાણ કલ્પના છે. ઈશ્વરની ઉપાસના કરવામાં આ ત્રણ વિચારો આપણી દાર્શનિક ચિંતનની ઊંચાઈ દર્શાવે છે.

કબીરજી માર્મિક રીતે કહે છે કે, ઘી જોવાથી જ આપણને સંતોષ થાય છે. તેની સુગંધ, સ્વાદ અને ગુણોનો ખ્યાલ હોય તો ઘીનું દર્શન કરતાં આંખો આનંદ અનુભવે છે. તેથી ઘીનો પર્યાય ગણી વપરાય છે તો પણ તેને ચાખવાથી આપણને આસ્વાદની ખુશી મળતી નથી.

આ જ રીતે સારા માણસ સાથે મતભેદ કે તકરાર થાય તો પણ તેમાં જોખમ નથી, અન્યાય થવાનો સંભવ નથી. સાધુ પ્રકૃતિથી સહનશીલ, દયાળુ અને સત્યપ્રેમી હોય છે. દુર્જન સાથે સારો મેળ મળે તો પણ તેનો સંગ કયારેક ગંભીર સમસ્યા બને છે.

જે વ્યક્તિનો સ્વભાવ દુષ્ટ હોય તેના પર ભરોસો ન જ થાય. વિશ્વાસ વિનાનો સંબંધ કયારે દગો દે તે કહી ન શકાય. 'સાકટ' કે જે અજ્ઞાની છે, શઠ વૃત્તિ ધરાવે છે, ઈશ્વરથી વિમુખ છે તેમનો સંગ તજીને ભક્તિમય જીવન સુખ માટે આવશ્યક છે.

## સુવિચાર

- ગઝલમાં સૌ મારા વિચારો દર્શાવી નથી શકતો, ઘણું સમજું છું એવું, જે સમજાવી નથી શકતો,
  ગયો અને જાય છે, દુ:ખનો સમય એક જ દિલાસા પર, કે વીતેલો સમય કદી પાછો આવી નથી શકતો - **મરીઝ**
- જીંદગી તો સરાણીયાના પથ્થર જેવી છે, આપણને ઘસી નાખે છે કે સજાવી દે છે,
  તેનો આધાર તો આપણે કયાં પથ્થરનાં બનેલા છીએ તેના પર રહે છે - **અમૃતબિંદુ**
- લક્ષ્મી (સંપત્તિ) માંગલ્યમાંથી ઉદ્ભવે છે, ચતુરાઈથી વધે છે,
  નિપૂર્ણતાથી જડ બાંધે છે, અને સંયમથી કાયમ વસે છે - **સુભાષિત**
- દેવો કંઈ લાકડી લઈને જ માનવી રક્ષા કરે છે એવુંન થી,
  પરંતુ જેની રક્ષા કરવી હોય તેને સદ્બુદ્ધિરુપી શસ્ત્ર આપે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- રોગ કયા પ્રકારનો છે તે જાણવા કરતાં રોગી કયા પ્રકારનો છે તે જાણવું વધુ મહત્ત્વનું છે - **ઝંડુ**
- સુખ નથી આપણી અંદર, નથી આપણી આસપાસ,
  પણ આપણો પરમાત્મા સાથે સંયોગ થાય ત્યારે સુખ આપોઆપ ઉત્પન્ન થાય છે - **ઓશો**

(સંકલન : દીપક વી. આસરા)

## બોધકથા

કેટલીક સ્ત્રીઓને વાત હોય ન હોય, કારણ હોય ન હોય, સમય-સ્થળ-જોયા વિના ખૂબ બોલવા જોઈએ. વાતમાં કંઈ રસ-કસ-વિષય ન હોય - એકની એક વાત અનેક વાર થઈ હોય છતાં એટલા જ રસથી કહેવાય અને સંભળાય...

બે પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ પોતાની મમ્મીની વકતૃત્વ શક્તિના વખાણ કરતા હતા.

પહેલા એ કહ્યું, મારા પપ્પા બોલવામાં કદીક કયારેક ખોટો શબ્દ પ્રયોગ કરે તો મારી મમ્મી એક કલાક સુધી તેણે આખી જિંદગીમાં કરેલી ભૂલો વિશે એક કલાક વ્યાખ્યાન આપી દે!

બીજો કહે - તારી મમ્મી કરતાં મારી મમ્મી વધારે ઉત્તમ મારા પપ્પા તો મૂંગા બેઠા હોય તો ય મૂંગા રહેવાના દોષ અને એવા સ્વભાવના લોકો માટે દોઢ કલાકનું વ્યાખ્યાન આપી દે! મારા પપ્પા છતાંય મૌન રહીને સાંભળ્યા જ કરે બોલ!!

# 'સ્માર્ટ સિટી'ના બિરુદ પૂર્વે ગંદકી અને દબાણો દૂર કરવા આવશ્યક

## તંત્રીસ્થાનેથી....

પાટનગર તરીકે ગાંધીનગરની રચના કરાઈ ત્યારે જ એ જરા જુદા અર્થમાં દેશનું ચંડીગઢ પછીનું રળિયામણું 'સ્માર્ટ' નગર તો બની જ ગયું હતું. હરિયાળીને લીધે એને દેશનાં 'ગ્રીન સિટી'નું બિરુદ સાંપડ્યું છે. હવે વિકાસની હરણફાળ સાથે હરિયાળી ઓઝલ થતી જાય છે અને સિમેન્ટ કોંક્રીટનું જંગલ વિકસતું જાય છે. ગાંધીનગરની સરહદ બહારના વિસ્તારમાં પણ નવું ગાંધીનગર વસી રહ્યું છે, જે અનેક સમસ્યાઓનો સામનો કરતું હોવા છતાં પ્રદૂષણ મુક્ત રહેઠાણોને લીધે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. સાથે જ ગિફ્ટ સિટી વિકસી રહ્યું છે, તે ગાંધીનગરને ટેકનોલોજી અને ઔદ્યોગિક વિશ્વના હબ તરીકે સ્થાપિત કરશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કરેલા સંકલ્પ મુજબ એમના મતવિસ્તાર વારાણસી અને વડોદરાની સાથે જ પાટનગર ગાંધીનગરનો પણ એ યાદીમાં સમાવેશ કરી ગાંધીનગર પ્રત્યેનું અને ગુજરાત પ્રત્યેનું ઋણ અદા કરવાનો પ્રયાસ કરે છે. વળી ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણી આવી રહી છે ત્યારે શાસક પાર્ટી માટે રાજયની તમામ મહાનગરપાલિકાઓમાં ભગવો લહેરાય, એવું સ્વપ્ન સાકાર કરવા માટે પણ આ 'સ્માર્ટ સિટી' પ્રોજેક્ટ પહેલાં જ તબક્કામાં હાથ ધરાય તે જરુરી છે. મુખ્યમંત્રીશ્રીએ સ્માર્ટ સિટીનો ડ્રાફ્ટ તૈયાર કરીને કેન્દ્ર સરકારને પાઠવી દીધો છે. શહેરના સૌંદર્યકરણ અર્થે તેમજ ખૂટતી સુવિધાઓ ઉમેરવા માટે કેન્દ્ર સરકારના ૫૦૦ કરોડ રૂપિયા જેવી માતબર રકમ ફાળવનારા છે. અર્ધશતાબ્દી વટાવી ચૂકેલા નગરમાં ભૂગર્ભ ગટર વ્યવસ્થા અને ઉજ્જડ બાગબગીચાઓને હરિયાળા કરવાની યોજના હાથ ધરાશે. આ તમામ પ્રકારની યોજનાઓ દ્વારા રાજધાનીને મળતી સુવિધાઓ અપગ્રેડ કરવાની રાજય સરકારની નીયત આવકારદાયક છે. ગાંધીનગરનું સુરક્ષાકવચ વધુ મજબૂત બનશે તો વળી વધી રહેલા વાહનવ્યવહારથી છાશવારે થતા અકસ્માત અટકાવવાનું પણ આયોજન વિચારાયું છે. રસ્તા વધુ લિસ્સા, વધુ પહોળા થશે અને સર્કલો વધુ આકર્ષક બનશે. ટૂંકમાં ગુજરાતની વાઈબ્રન્સીનું પ્રતીક બની રહેશે આપણું ગાંધીનગર. પરંતુ જયાં સુધી પાયાની જરૂરિયાતો જેવી કે દર અડધા કિલોમીટરના અંતરે લુટિયનની દિલ્હી જેવી 'સુવિધા' ટોઈલેટ વ્યવસ્થા કે દરેક સેકટરમાં જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ હાથવગી બની રહે એવી શોપિંગ વ્યવસ્થા નહીં ગોઠવાય ત્યાં સુધી 'સ્માર્ટ' સિટીના રહેવાસીઓ માટે દૂર દૂરના અંતરો સુધીની ટાંટિયાતોડ ચાલુ જ રહેશે. સ્માર્ટ સિટીમાં સ્માર્ટ આરોગ્ય વ્યવસ્થા પણ જરુરી છે. અત્યારે ગાંધીનગરમાં જનરલ હોસ્પિટલ અને મેડિકલ કૉલેજ હોવા છતાં જે પ્રકારની અદ્યતન મેડિકલ ફેસિલીટી ઉપલબ્ધ હોવી જોઈએ તે નથી. મોટા ભાગે ગંભીર પરિસ્થિતિ ધરાવતા દરદીઓને ખાનગી મલ્ટિ સ્પેશિયાલિટી હોસ્પિટલોમાં કોર્પોરેટ કલ્ચર હેઠળ ભારે આર્થિક ફટકો સહન કરવો પડે છે. વળી ગાંધીનગર પ્લાન્ડ સિટી હોવા છતાં અહીં ઠેર ઠેર હિત ધરાવતાં તત્વોએ દબાણો કરેલ છે, સાચા સ્માર્ટ સિટી બનવા માટે શહેરના કર્ણધારોએ આવાં દબાણો વેળાસર હટાવવા જરુરી છે. જયાં સુધી ગંદકી દૂર નહીં થાય અને ઝૂંપડપટ્ટીઓનો ઉકેલ નહીં શોધી શકાય તથા ગેરકાયદેસર દબાણો નહીં હટાવાય ત્યાં સુધી 'સ્માર્ટ સિટી'નું સપનું ધૂંધળું જ રહેશે બલ્કે તે સોનાની થાળીમાં લોઢાની મેખ સમું લાગશે.

# સમગ્ર અસ્તિત્વ અને વ્યક્તિત્વનો સ્વીકાર એટલે પ્રેમ




જાણીતા રામકથાકાર પૂજ્યશ્રી મોરારિ બાપુએ એક વાર કહેલું કે "જીવન ક્ષણભંગુર છે, પરંતુ પ્રેમ અને ભક્તિ તો શાશ્વત મુક્તિનો માર્ગ છે. તમારો પ્રેમ શરીર સાથે નહીં, આત્મા સાથે જોડાણ કરે છે અને પ્રેમ-ભક્તિનો માર્ગ તમને આત્મકલ્યાણ સુધી લઈ જાય છે."

આત્માનું પરમાત્મા સાથે મિલન થાય છે, એ સાથે આત્મા સ્વયં પરમાત્મામાં વિલીન થઈ જાય છે. આત્માના અતળ ઊંડાણમાંથી પરમાત્માનો પોકાર આવે છે, જેને આપણે આત્માનો અવાજ પણ કહીએ છીએ. જ્યારે તમે તમારા અસ્તિત્વને પ્રિયજન માટે ન્યોછાવર કરી દો છો, પ્રિયજનના અસ્તિત્વમાં તમારા અસ્તિત્વને ઓગાળવા અને એકરુપ કરવા તત્પર થઈ જાઓ છો, એવી તૈયારી જ સમર્પણનું પ્રથમ પગથિયું છે. આ બધું તમારી મરજીથી જ થાય છે. કેમ કે તમારી મરજી વિના તમારી ભીતર કોઈ પ્રવેશી શકે નહીં.

ખરો પ્રેમ તમારા સમગ્ર અસ્તિત્વ અને વ્યક્તિત્વનો સ્વીકાર કરે છે. ખરો પ્રેમ તમારા અસ્તિત્વ અને વ્યક્તિત્વ ઉપર આક્રમણ કરતો નથી. તમારો સ્વીકાર અથવા એકરાર હોય તો જ ખરો પ્રેમ તમારી ભીતર પ્રવેશ કરે છે. ખરો પ્રેમ એ જ પ્રિયજન અને એ જ પરમાત્મા કે જે વણનોતર્યો મહેમાન પણ નથી કે તમારા આમંત્રણ વિના તમારી સમીપ આવી જાય. તમે ચાહો તો જ કોઈને તમારી નજીક અને તમારી ભીતર પ્રવેશવા દઈ શકો છો. આ છે પ્રેમની સ્વતંત્રતા અને નિર્દોષતા.

પ્રેમની અનુભૂતિ અને ભક્તિની પવિત્રતા માણસને મુક્તિ અને પરાકાષ્ઠાની અનુભૂતિ કરાવતી હોય છે. પ્રેમની અનુભૂતિ આપણને હળવાશ અને નિતાંત સ્વતંત્રતાનો પણ અહેસાસ કરાવે છે. આપણું જીવન કોઈ તનાવ કે ચિંતાથી મુક્ત બની જતું હોય છે. પ્રેમ જીવનનું ચાલકબળ બને છે. પ્રેમ જીવનની ગાડીને ફ્યુઅલ-ઈંધણ આપવાનું કામ કરે છે.

**પ્રેમની અનુભૂતિ આપણને હળવાશ અને નિતાંત સ્વતંત્રતાનો પણ અહેસાસ કરાવે છે, આપણું જીવન કોઈ તનાવ કે ચિંતાથી મુક્ત બની જતું હોય છે, પ્રેમ જીવનનું ચાલકબળ બને છે, પ્રેમ જીવનની ગાડીને ફ્યુઅલ-ઈંધણ આપવાનું કામ કરે છે**

પ્રેમમાં આપણે શરણાગતિ અને સમર્પણભાવની વાત પણ કરી. દુનિયાની નજરમાં તો પ્રેમી વ્યક્તિ એકમેકના ગુલામ બની ગયા એવું જ દેખાયા કરશે. પરંતુ કોઈ આપણી ભીતર ડોકિયું કરીને જુએ તો ખ્યાલ આવે કે પ્રેમમાં બંધન નથી પરંતુ મુક્તિની અનુભૂતિ છે. પ્રેમમાં જે સ્વતંત્રતા અનુભવાય છે, એ પ્રિયજનની હાજરી અને સંગતના કારણે અનુભવાય છે. પ્રેમનું બંધન છતા ભક્તિની શક્તિ થકી મુક્તિનો આનંદ. આ જાદુ પ્રેમનો છે.

ધારી લો કે કોઈ વ્યક્તિ ચાર દીવાલોમાં કેદ છે. આ સ્થિતિ ખરા અર્થમાં સજા છે. પરંતુ હવે ધારી લો કે ચાર દીવાલોમાં રહેનાર વ્યક્તિ પાસે તેની પ્રિયતમા જઈ પહોંચે છે અને તેની સાથે જ રહેવા લાગે છે. હવે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. વ્યક્તિને પહેલા તો ચાર દીવાલોની કેદ લાગતી હતી પરંતુ હવે એ જ ચાર દીવાલોમાં પોતાની પ્રિયતમા સાથે સતત રહેવાનું કોઈ સ્વર્ગથી કમ લાગતું નથી.

પહેલા જે ચાર દીવાલોનો ઓરડો વ્યક્તિને જેલ લાગતો હતો એ જ જગ્યા હવે એ જ વ્યક્તિને પ્રેમ પામવાથી મહેલ લાગવા માંડે છે. પહેલા તો તેને કેદમાંથી નીકળવાનો વિચાર પણ આવતો. હવે તેને આ જગ્યા છોડવાનું પણ મન થતું નથી. જગ્યા એક જ છે, વ્યક્તિ પણ એક જ છે, પરંતુ પ્રેમની હાજરી અને ગેરહાજરી તમારા જીવનમાં કેવા ફેરફાર કે ચમત્કાર સર્જી શકે છે, તેનું આ ઉદાહરણ છે.

આ સંજોગથી તદ્દન જુદા સંજોગનું ઉદાહરણ પણ સમજીએ. માની લો કે કોઈ વ્યક્તિ ચાર દીવાલોની કેદના બદલે ખુલ્લા આકાશ નીચે સરસ મજાની હરિયાળી અને પહાડોની તળેટીમાં કુદરતના ખોળે બેઠેલ છે. અહીં કોઈ જ બંધન નથી. ઉડવું હોય તેટલું અનંત આકાશ છે અને જ્યાં પણ જવું હોય ત્યાં જવા વિવિધ રસ્તાઓ છે. આ વ્યક્તિ સ્વતંત્ર હોવા છતા તેની પાસે તેની પ્રિયતમા નથી અને તે એકલો પડી ગયો છે.

વ્યક્તિ બધું જ કરી શકે એમ હોવા છતા કશું જ કરી શકતો નથી. કારણ કે તે દુનિયાની નજરમાં સ્વતંત્ર છે, પરંતુ તે ચાલીને કે ઊડીને ક્યાં જાય? અને કોના માટે જાય? પ્રેમની ગેરહાજરી ખુદ માણસને કેદી યા બંદીવાન બનાવી દેતી હોય છે. પ્રેમમાં ઊડવા માટેનું આકાશ તો સામી વ્યક્તિ જ આપી શકતી હોય છે. પ્રેમમાં સ્પેસનું પણ મહત્વ છે. એકબીજાને

અનુસંધાન પાના નં. ૭ પર

# કોણ જાણે તેમની આંખો અને સ્મિતમાં એવું શું હતું કે મારા મનનો ઉદ્વેગ અચાનક મટી ગયો, એક અજાણી ભીડમાં કોઈની આત્મીયતાની લાગણી મને સ્પર્શી ગઈ હતી




બળવંતભાઈને હું છેલ્લા પંદર વરસથી ઓળખું છું. પહેલી મુલાકાત શહેરના ઐતિહાસિક રણછોડજી મંદિરમાં થયેલી. ભક્તોની સમાન્તર લાઈનોમાં ઊભેલા ભીડમાં ધક્કા ખાતા અમે બંને મંદિરના દ્વારા ખુલવાની રાહ જોતા હતા. આ ધક્કામુક્કીમાં તેમની આંખોમાં એક અંતર્હિન સુખ તરી રહ્યું છે. એવું સુખ જે ભક્તિના સાગરમાં ડુબીને જ મળે છે. કોઈ પ્રત્યે સમર્પણની ધારામાં પોતાની જાતને એકાગ્ર કરી દો તો મોજાંની થપાટો પણ અકળાવી શકતી નથી. પણ હું તો પહેલીવાર આ ધક્કામુક્કીમાં સામેલ થયો હતો. તેથી મારી આંખોમાં વ્યગ્રતા અને મનમાં ચીડ સાથે બેચેની હતી. તેમણે કદાચ પોતાની જગ્યાએ ઊભા ઊભા જ મારા મનની સ્થિતિને વાંચી લીધી. તેથી પોતાની જગ્યાએ ઊભા ઊભા જ તેમણે એક સ્મિત સાથે પોતાનો હાથ કંઈક એવી રીતે ઊંચો કર્યો. આ ઈશારા સીધો અર્થ એમ હતો કે 'ધીરજ રાખ, સૌ સારા વાના થશે.'

કોણ જાણે તેમની આંખો અને સ્મિતમાં એવું શું હતું કે મારા મનનો ઉદ્વેગ અચાનક મટી ગયો. એક અજાણી ભીડમાં કોઈની આત્મીયતાની લાગણી મને સ્પર્શી ગઈ હતી. અથવા આ અહેસાસે મને મારાથી મોટી ઉંમરના હોવા છતાં ધક્કા સહન કરતા અને છતાં મનની શાંતિને જાળવી શકતા જોઈ મને થયું કે હું એવું કેમ કરી ન શકું?

મંદિરની બહાર નીકળતા ફરી મને એ મળ્યા. તેમણે ખભે હાથ રાખીને પુછ્યું. 'રણછોડજીના દરબારમાં પહેલ વહેલા આવ્યા છો.'

મેં કહ્યું 'હા.'

તેમણે પુછ્યં 'આ શહેરમાં જ રહો છો?'

મેં હસી ટૂંકો જવાબ આપ્યો 'હાં.'

તમારી પોતાની ઈચ્છાથી આવ્યા છો કે કોઈએ અહીં આવી માનતા માનવાની સલાહ આપી છે.' તેમણે જાણે કે મારી બેચેનીને અંદરથી જાણી લીધી હતી.

હું ખોટું બોલી શક્યો નહીં. જરા ખમચાઈને બોલ્યો મારો એન્જીનીયરીંગનો અભ્યાસ પુરો થયો છે. મા-બાપનો એકનો એક દીકરો છું. પિતા આ શહેર છોડવા માંગતા નથી. તેથી એ અસંમજસમાં છું કે કોઈ નોકરી કરું કે વિદેશની ઑફર મળી છે. તેને સ્વીકારી લઉં. પહેલાં આટલાં વર્ષ બહાર રહ્યો છું. હવે મારા પિતાને અહીં એકલાં મુકી વિદેશ જવા મન માનતું નથી. પરંતુ કેરિયરનો મહત્વનો પ્રશ્ન છે તેને નકારી ન શકાય. હું જરા બેચેન હતો એટલે બાપુજીએ કહ્યું આજ પૂનમ છે. રણછોડજીને મંદિરે જઈ આવ. પેઢીઓથી તેની ભક્તિ આપણી સમસ્યાનું સમાધાન બનતી આવી છે. બસ તેમની વાત ગમી અને ચાલ્યો આવ્યો. તમે તો જાણતા જ હશો કે માણસને મનમાં બેચેની થાય ત્યારે શાંતિની શોધમાં નથી કરતો. જોઈએ હવે શું થાય છે?

મારી વાત સાંભળી એ જોરથી હસી પડ્યા. બોલ્યા 'ભઈલા જીવન આનું જ નામ છે. મુશ્કેલીઓ વચ્ચે કોઈ માર્ગ નથી જડતો ત્યારે મન કોઈ અવલંબન શોધે છે. અને એ અવલંબનની શોધ વિશ્વાસને ભક્તિના ઉંબરે પહોંચાડી દે છે. ભક્તિનું સૌથી મોટું સુખ એ છે કે ગમે તેવી મુશ્કેલીમાં પણ વિશ્વાસ ટકી રહે છે. કોઈક છે જે આપણને આ મુસીબતમાંથી ઊગારી લેશે. જેની ભક્તિ આપણને આનંદ અને સુખ આપે છે તેનું અસ્તિત્વ હોય કે ન હોય, પરંતુ તેના અસ્તિત્વના અહેસાસથી જન્મેલી આસ્થા આપણને સંઘર્ષના ધુમ્મસમાં સફળતાના કિરણ રુપે હિંમત આપે છે. તમે જો શ્રદ્ધા સાથે આ મંદિરે આવ્યા હોય તો હવે એ વિશ્વાસ લઈને જજો કે તમને મન ચિન્તવ્યો માર્ગ અવશ્ય મળશે. હાં એ કોઈ હાથ પકડીને એ રસ્તો દોરી નહી જાય પરંતુ વિશ્વાસ રાખશો તો યોગ્ય રસ્તે પહોંચશો જરુર.'

હું અવાક્ તેમની તરફ જોતો રહ્યો. તેમના શબ્દો મારા ચેતનમાં ગુંથાઈ ગયેલા કે પછી તેમની આત્મીયતા એ મને બાંધી લીધો હતો. તે ચોક્કસ હું કંઈ કહી શકું તેમ નથી. પરંતુ તેમની વાતોમાં એક આકર્ષણ જરુર હતું. જેણે મને તેમની પકડમાં લઈ લીધો હતો.

પંદર વીસ વરસ આ વાતને થઈ ગયા. શહેરની નદીના કિનારાને સ્પર્શી કોણ જાણે કેટલાં પાણી વહી ગયા. નદી કિનારે બંને કિનારાને વ્હાલ કરતી ખળખળ વહેતી હતી. પરંતુ હવે નદીની હાલત જોઈને લાગે છે કે જાણે ઓવારાએ પોતે જાણે કે તેને દૂર ધકેલી દીધી ન હોય! હવે તો વરસોમાં કયારેક નદી ઓળારા મે મેળવા આવે છે. તે પણ એ રીતે કે કોઈ બહુ મોટી ઉંમરની સ્ત્રી કોઈ સંબંધ સાચવવા પોતાના પિયરના ગામે આવતી હોય. પિયરમાં હવે તેને નથી વ્હાલ લાડ કે પ્રેમ મળતો જે તેના માતા પિતાના સમયમાં મળતો હતો. કે ન તો તેને હવે પિયરની શેરીમાં પાછા ફરવાનોએ ઉત્સાહ રહી ગયો હોય છે જે તેને લગ્નના શરુના દિવસોમાં રહેતો. અનેય જિંદગીની પ્રાથમિકતાઓ બદલી દે છે. પરંતુ બળવંતભાઈએ જીવનના નિયમો પર ફેરફારની રજ ચડવા દીધી ન હતી. તેમને મળવાનું થયું રહેતું. તેમાં પ્રેમભાવ વધતો રહ્યો. ઔપચારિકતા છતાં એક અજબ પ્રકારનો આત્મીય સંબંધ અનુભવાતો હતો. રણછોડજી મંદિર શહેરનું પુરાતનકાલીન સ્થાપત્ય હતું. ઘણી વખત ત્યાંથી પસાર થતાં કોઈ દુકાન પાસે હું એટલા માટે ઊભો રહી જતો કે બળવંતભાઈ મળી જાય. પછી તો જીવનનો જવાબદારીઓ અને વ્યસ્તતાનો ભારે બેઠીઓમાં જકડાઈ જતાં તેમને મળવાનું દિવસો દિવસ ઓછું થતું ગયું. પરંતુ જીંદગીની દોડધામમાં જયારે તેઓ કયારેય કળાંક મળે ત્યારે હું આત્મીયતાના અમૃતમાં ભીંજાઈ જતો. હાં પ્રેમથી ટકોર કરી એટલું એ જરુર રહેતા. 'અનિકેત, રણછોડજીની કૃપા થતાં તે મંદિરે આવવાનું બંધ કરી દીધું. પણ હું એમ કરી શક્યો નથી. કોણ જાણે કયું આકર્ષણ મને ગમે તે મૌસમમાં ગમે તે હાલતમાં સાંજે મંદિર તરફ ખેંચી લાવે છે.'

દશ પંદર વર્ષ દરમિયાન ઘણું બધું બદલાઈ ગયું હતું. બળવંતભાઈ સરકારી નોકરીમાંથી તો ઘણાં સમય પહેલાં નિવૃત્ત થઈ ચૂક્યા હતા. એન્જીનીયરીંગ કર્યા પછી નોકરી શોધવાને બદલે મેં મારો એક કોચીંગ કલાસ ચાલુ કરી દીધો હતો. ઘર-સંસાર વસી ગયો હતો. વડવાઓનું મકાન છોડી મેં શહેરની નવી સોસાયટીમાં મકાન ખરીદી લીધું. અને જે પિતાની સલાહથી હું તે દિવસે રણછોડજીના મંદિરે ગયેલો મેં હંમેશ માટે કોઈ અજાણ લોકમાં રહેવા મહાપ્રયાણ કરી ચૂક્યા હતા. સંચારથી લઈ પરસ્પરના આચાર-વ્યવહાર બધું બદલી ગયું હતું પરંતુ સાંજ સમયે મંદિરે જવાનો નિયમ બળવંતભાઈએ હજુ જાળવી રાખ્યો હતો. એકવાર કોઈ કારણસર હું રણછોડજી મંદિરે જઈ શક્યો નહોતો.

બીજે દિવસે ગયો તો જાણે કે રણછોડજીએ મને પુછ્યું કે આટલી રાહ કેમ જોવડાવી? તે રાતે હું બિલકુલ ઊંઘી શક્યો નહોતો. તે પછી તો બહારગામ જવાનું થાય તો પણ રણછોડજીની અનુમતિ લઈને જાઉં છું. એ રીતે જે રીતે સરકારી કર્મચારીઓને હેડ ક્વાર્ટર છોડતાં પહેલાં ઉચ્ચ અધિકારીઓની પરવાનગી લેવી પડતી હોય છે. એક વખત બળવંતભાઈએ ઉત્સાહિત થઈને કહેલું જયારે તેમને એમ થાય કે કોઈ તમારી રાહ જોઈ રહ્યું છે તો આવવા જવાનું વધુ ગમવા લાગે છે ખરું ને! હું શું જવાબ આપું? સહજતા અને સમર્પણમાં આનંદની અનુભૂતિ કરવાના જે સ્તરે બળવંતભાઈ હતા. તે સ્તરે પહોંચ્યા વિના કંઈ પણ કહેવું મુશ્કેલ હતું.

તે દિવસે, ઘણા સમય પછી રણછોડજી મંદિર તરફ જવાનું થયું ત્યારે બળવંતભાઈને મળવાની ઈચ્છા પ્રબળ બની. રણછોડમંદિર પાસે

અનુસંધાન પાના નં. ૭ પર

# કડવાશને કેલેન્ડરની સાથે લપેટીને ફેંકો ને યાર...!!




વરસ પલટાયું, કેલેન્ડર પલટાયું, ડાયરી પણ નવી આવી ગઈ... જૂનું વરસ ગયું, પણ સાથે શું લઈને ગયું? કેલેન્ડરની સાથે આપણી કેટલીક કડવાશો, નિસાસા, કાળજું કોરનારી યાદો બધાને લપેટીને ક્યાંક પધરાવવાની વાત છે... નવાં વરસને હું કોરો જ મળીશ, ગયાં વર્ષની વાતોનું ગંગા સ્નાન કરી, પવિત્ર બની, ફ્રેશ મનથી ભેટીશ... સર્વ સામાન્ય દેખાતો દસ મુદ્દાનો કાર્યક્રમ કે જેને સાચ્ચે જ કેલેન્ડરની સાથે જ લપેટીને ફેંકી દેવો છે... જોઈએ વરસ બદલાય છે, આપણે કેટલાં બદલાઈ શકીએ છીએ...

૧. મગળ પરનો ભાર.. કેટલો અને શેનો શેનો ભાર મારા ભઈ. કોઈએ જાણી જોઈને કે અજાણતા કરેલો અપમાનનો ભાર, બહુ બધી મનમાં ધક્કામુક્કી કરતી વાતોનો ભાર કે પછી પુરી ન થઈ શકેલી અપેક્ષાનો ભાર? યશ અને અપયશ, મગજ એટલું તો ભીડભાડ વાળું બની જાય કે કંઈ નવું સુજે જ નહી... થોડી જગ્યા મળે અને ગલુડીયું જેમ છટકીને કુદાકુદ કરે એમ જ એકાદી જૂની ઘટના યાદ કરીને પછી બરાડ્યાં કરવાનું?

છોડોને યાર બધું, નવાં વરસમાં બધું પાર્સલ કરી કેનાલમાં પધરાવી ખાલીખમ મનથી, કોરી સ્લેટ જેવાં થઈને પ્રવેશ કરો, કંઈક નવો જ એકડો ઘૂંટવાની વાત સાથે. કોઈ જ ભાર જોઈતો નથી, ના સુખનો, ના દુ:ખનો... જરા હળવાફુલ બનીને જ પ્રવેશીએ તો કેવું? આ નવા વરસમાં...

૨. કેટલો આળસ?... બૉસ, સ્વીકારી લો ને કે તમે આળસું છો. થોડી ઘણી પણ શિસ્ત છે તમારી જિંદગીમાં? સાચ્ચું કહેજો છેલ્લા દસ વર્ષથી નક્કી કરો છો ને પણ કરો છો ખરાં? મોર્નિંગ વૉક કે કસરત, યોગ કે સૂર્યનમસ્કાર?

ના તો સમય સાચવો છો, ના કોઈ ડેડલાઈન કે પછી કોઈ કામ કરવાનું પ્રોમિસ... અને આ બધા માટે જવાબદાર કોણ? તો આપણો પોતાનો આળસ જ ને? જરા એ આળસ નામના નારિયેળને હોળીમાં પધરાવી દો ને. જરા આળસ ખંખેરીને મચી પડો ને... બાકી તો આ ૨૦૧૬ પણ આમ જ વહી જશે તમારા આળસમાં...

૩. એનો એ કક્કો કેટલી વાર ઘૂંટવાનો? ... બારમાના બોર્ડમાં ૯૯ પર્સેન્ટાઈલ આવ્યા એટલે શું થયું? એકાદી સ્પર્ધામાં જીત્યા કે કોઈ નવું પરાક્રમ કર્યું, એટલે એને કેટલા દિવસ ગાતાં ફરવાનું? અરે ભલભલાં નવા ગીતો ચાર મહિનામાં જૂના થઈ જાય છે. એટલે હવે આગળનું વિચારો.

**હજુ જાણી શક્યાં નથી, પેલ્લો કે છેલ્લો દિવસ, અમો, એટલે જ ઉજવતા રહ્યાં ૩૬૫ દિવસ..!!**

જે ફાવે એ જ કરતાં રહેવાનું અને સેફ ગેમ રમવાની? એવી ગોળ જલેબી બનાવવાની વૃત્તિને રામરામ કરો, આ વખતે કંઈક નવું કરો તો વાગોળશો શાને? કરી તો જુઓ નવું, ફાવ્યા તો ઠીક નહીં તો અનુભવતો મળશે જ ને?

૪. ચિંતા અને ગભરાટ શેનો? ... સતત બીક લાગે છે ને? આજની, આવતીકાલની, લગ્નની, ઘરની, પ્રમોશનની, પેન્સનની, માણસોની, મિત્રોની, બોસની, અપયશની, નિષ્ફળતાની, કુંડળીમાં રહીને આંખો કાઢતા ગ્રહોની, મંગળની, પરિક્ષાની કે પરિવારની?

અરે, યાર, ડરકે જીઓગે તો કયા ખાસ જીઓગે? કાલે જે થશે, એ તો થઈ પડશે, આજને જીવોને ભાઈ, મિત્ર છોડી જશે કે નોકરી ચાલી જશે? એવો ડર શું કામ? કીડીને કણ હાથીને મણ અને દૂર્યોધનને કર્ણ મળી જ રહે છે? ચિંતા-ગભરાટનો કકળાટ ચાર રસ્તાએ મુકીને જલ્સા કરોને મારા ભઈ...

૫. યાદોની ભરમાર, આટલી બધી? ... યાદ, સંભારણા, સારા પ્રસંગો ચોક્કસ ખુશી-આનંદ આપે છે. પણ કેટલી હદ સુધી યાદ કરવાનાં? જરા એનેય ભૂલાવાનું શીખો, સતતની યાદો, સારા-ખરાબ માણસ એની સાથે ગાળેલી ક્ષણો, એને કરેલા પ્રેમ કે નફરતની ઈનબોક્સ ભરેલી યાદો...

હવે બધુ ડિલીટ કરોને મારા દોસ્ત, નહીં તો પછી જિંદગીનો મોબાઈલ હેંગ થવા લાગશે... માસ્ટર રિસેટના મારો પણ સમયાંતરે છલકાતું ઈનબોક્સ થોડું થોડું ખાલી કરતાં રહેવું...




૬. મનને કોરી ખાતાં ઉધઈ જેવા અનુભવ... આવે જ યાર, ખરાબ અનુભવ... કામ કરીએ, મદદ કરીએ અને એના બદલામાં ઉપેક્ષા-માનભંગ થાય એટલે ક્વિનાઈનની ગોળી મોંમાં ફરીને કડવાશ ફેલાવે, એવું બને જ...

પણ પછી એ પ્રસંગ, અનુભવ સતત મનને કોર્યા કરે, છોલાયેલી જગ્યા પર આવેલી પોપડીને ઉખેડી અને લોહી વહેવા લાગે. એમ જ આ ઘાને કોતર્યા કરવાનાં? એકવાર થયેલા અપમાનની આગ સતત પોતાને જ બાળ્યા કરે, અને એમાં બર્નોલ પણ કામ ન કરે... ગણપતિ વિસર્જનની જેમ આ દુ:ખદ અનુભવોને પધરાવી દો ને તો પછી ઘરમાં આનંદનો ગરબો થાય...

૭. ઈરિટેટ માણસો, ફેંક લોકો... કેટલાંક લોકો હોય છે જ વાંકદેખુ, સતત ભૂલો કાઢે, તમારો વાંક જ કાઢે અને ઈરિટેટ કરતાં રહે... હવે તો આવા કીડાઓ મોબાઈલમાં પણ ઘુસ્યાં છે, તમને સતત ડોમિનેટ કર્યા જ કરે...

આપણે એમને છોડીને નહીં, સાચવી દઈએ, બનતો બધો જ પ્રયત્ન કરીએ સંબંધ સાચવવાનો, પણ ના હમ નહીં સુધરેંગે. કારેલાના વેલને ખાતર તરીકે મણ ખાંડ નાંખીએ તોય એ કંઈ દ્રાક્ષ આપે? કારેલું જ આપે... તો પછી આ બિરાદરોને કેટલાં દિવસ સંઘરવાના? ઝેરનું મારણ ઝેર, ઝાટકીને કાઢી નાંખોને બાપુ એટલે નવાં માટે જગ્યા થાય!

૮. સતત ઑનલાઈન? આભાસી આનંદ? ... શા માટે પણ? સતત ઑનલાઈન, કેટલી લાઈક્સ, કેટલી કોમેન્ટ્સ, કેટલાં ફોલોઅર્સ શું આ બધાં તમારી ટેલેન્ટને યોગ્ય ન્યાય આપશે? આ વર્ચ્યુઅલ મિત્રો? ઠીક છે યાર, ટાઈમપાસ માટે આ બધું સારું લાગે...

પણ ખરા આનંદ માટે સાચાં મિત્રો જોઈએ. એમનો સહવાસ જોઈએ, જઈને ભેટી પડોને યાર... ભાઈબંધ છે ગળે પણ પડાય એટલો પ્રેમ અને સંબંધ મજબૂત કરો... પણ, એ માટે થોડો સમય ઑનલાઈન ને ઑફ કરી રિલેશન ઑન કરવાં પડશે!

૯. લોકો શું કહેશે? ... આ ત્રણ શબ્દોએ તો સત્યાનાશ વાળ્યો છે. કોઈ પણકામ હાથ પર લઈએ એટલે પહેલો પ્રશ્ન કે લોકો શું કહેશે? જાની, એ લોગ કૉન હોતે હૈ? જો હમારે બારે મેં બોલ સકે?

આપણે ખુશ રહેવું હોય, અલગ કરવું હોય તો આ પ્રશ્નનો છેદ ઉડાળી જ દેવો... બાકી તો લોકો શું વિચારશે? એવું આપણે વિચારતાં થઈશું તો પછી એ લોકો શું વિચારશે?

૧૦. નંબર ગેમ, નો સરજી... પાંચ વર્ષ પહેલાં મારું વજન ૬૦ હતું અને હવે ૭૦... કમર ૩૦ માંથી ૩૪... ભૂલાયેલા જન્મદિવસની તારીખો, ખોવાયેલા મોબાઈલના નંબરો, પોતાના ન વધેલા અને અન્યના વધેલા પગારના આંકડાઓ... સાતમા પગાર પંચની ઈફેક્ટો... લોનના હપ્તાના

અનુસંધાન પાના નં. ૭ પર